ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૬-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

# સીબીઆઇ સ્વાયત્ત બને છે

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન તરીકે ઓળખાતી રાષ્ટ્રીય સ્તરની તપાસ એજન્સીની તટસ્થતા વિશે હરહંમેશ શંકાકુશંકા સેવાતી રહી છે. છેલ્લે તો એના માથે સાડાસાડી બેઠી હોય એમ ખુદ સીબીઆઇના વડાએ પોતાની લાચારીનો મિડિયા સમક્ષ એકરાર કરીને સરકારને મુશ્કેલીમાં મુકી દીધી હતી. રણજિત સિન્હાએ સર્વોચ્ચ અદાલત દ્વારા ફિટકાર સાંભળ્યા પછી કહ્યું હતું કે અમે કંઇ સ્વતંત્ર સંસ્થા નથી. અમારે સરકારના અને વિશેષ તો વડાપ્રધાન અને ગૃહપ્રધાનના નિર્દેશો મુજબ ચાલવું પડતું હોય છે. કોલસા કૌભાંડના અહેવાલમાં ફેરફાર કરવાના મુદ્દે અને એ અહેવાલ સર્વોચ્ચ અદાલતની સૂચના મુજબ સીધો કોર્ટમાં રજૂ કરવાને બદલે કાયદામંત્રીના સલાહકારો તથા વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓની દખલ અંદાજી સામે જ કરી સરકારને અનુકૂળ ફેરફારો કરવા બદલ સીબીઆઇને બધી બાજુએથી ઠપકા સાંભળવા પડ્યા હતા, તે સર્વવિદિત છે. સીબીઆઇની મુશ્કેલી એ છે કે એણે કેન્દ્ર સરકારના ગૃહખાતા સાથે સંકલનમાં રહીને કામ કરવું પડતું હોય છે. તેથી સરકાર ભલે એની કામગીરીમાં દખલગીરી નહીં કરતી હોવાના હકદાવા કરતી ફરે પણ સીબીઆઇની આખરી લગામ તો કેન્દ્ર સરકાર હસ્તક જ રહેતી આવી છે. સર્વોચ્ચ અદાલતના કડક આદેશના પગકે કેન્દ્ર સરકારે વરિષ્ઠ કેન્દ્રિય મંત્રી પી. ચિદમ્બરમના નેતૃત્વમાં સીબીઆઇને સ્વાયત્ત બનાવવા માટે પ્રવર્તમાન નીતિનિયમોમાં ફેરફારો સૂચવવા માટે તજજ્ઞોની સમિતિ બનાવી હતી. હવે પછી સીબીઆઇમાં અદાલતનો પણ સીધો હસ્તક્ષેપ રહેશે. પરિણામે તે સરકારના સમયગાળાના એક વિશિષ્ટ અને સીમાચિહ્નરૂપ પ્રદાન તરીકે સીબીઆઇની સ્વાયત્તતાને ભારતીય લોકશાહીના ઇતિહાસમાં યાદ કરાશે. ભારતીય જનતા પક્ષ સહિતના તમામ વિપક્ષો સીબીઆઇને સરકારના હાથનો ચાબૂક સમજતા રહ્યા છે. 'કોંગ્રેસ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન' જેવું એનું વૈકલ્પિક અર્થઘટન આ મુદ્દે પ્રવર્તતા વ્યાપક અસંતોષનું પ્રમાણ છે. જો કે એનડીએ સરકાર શાસનકાળમાં પણ સીબીઆઇનો ભરપૂર દુરૂપયોગ થયેલો જ છે, એટલે એકલી કોંગ્રેસની સરકાર સામે કાદવ ઉછાળવો એ તો પક્ષપાતી વલણ જ ગણાશે. અલબત્ત, પોતાની સત્તા ટકાવી રાખવા માટે એનડીએ હોય કે યુપીએ - બેઉ ગઠબંધનોએ સીબીઆઇનો 'સહકાર' લીધો જ છે. મુલાયમસિંહ અને માયાવતી જેવા દબંગ પ્રાદેશિક નેતાઓને સીબીઆઇની ધાક બતાવીને ચૂપ કરી દેવાતાં રહ્યાં છે. આ બાબતનો એકરાર ખુદ મુલાયમ અને માયાવતી કરતાં રહ્યાં છે. અનુકૂળ ન રહે એવી પાછળ સીબીઆઇની તપાસ મૂકી દઇ એને શરણે લાવી દેવાનું વરવું રાજકારણ આજપર્યંત વત્તાઓછા પ્રમાણમાં રમાતું રહ્યું છે. સીબીઆઇની સ્વાયત્તતાનો મુસદ્દા પર મનમોહન કેબિનેટની મહોર વાગતાં આ કેન્દ્રિય તપાસ સંસ્થાના વલણમાં કેટલો ફરક પડે છે, તે તો સમય જ કહેશે.અલબત્ત, એથી તપાસનીસ અધિકારી ઇચ્છશે તો જરૂર તટસ્થ તપાસ કરી શકશે અને સરકાર પર એક નૈતિક દબાણ ઊભું કરી શકાશે.

# પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે સુરક્ષા સેતુ અંતર્ગત સ્વબચાવની પ્રશિક્ષણ શિબિર સંપન્ન




ગાંધીનગર, તા. ૨૮

મહિલાઓ સામે અત્યાચારના સતત બનતા બનાવો સામે મહિલાઓ સ્વયં પ્રતિકાર કરી શકે અને પોતાનું રક્ષણ કરવા સક્ષમ બની શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. ગાંધીનગરમાં વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતના વિષય નિષ્ણાત તજજ્ઞોના માધ્યમથી મહિલાઓને સશક્ત બનાવવાના અભિયાનનો આરંભ થઈ ચૂક્યો છે. આ કાર્યક્રમના ભાગરૂપે ગાંધીનગરનાં સેક્ટર-૩૦ ખાતે આવેલ શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ૪૦ - ૪૦ વિદ્યાર્થીનીઓની બે બેચને સાત દિવસ સુધી સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં કરાટે શિક્ષક શ્રી સુરેન્દ્ર વાઘેલા તથા મદદનીશ શિક્ષક શ્રી હનુ પરમાર દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. શાળાના પટાંગણમાં જ તા.૨૦-૬-૨૦૧૩ થી ૨૭-૬-૨૦૧૩ દરમ્યાન દરરોજ સવારે ૮-૦૦ થી ૧૦ દરમ્યાન આ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ શિબિરનો સમાપન સમારોહ શિબિરના અંતિમ દિવસે ૨૭મી જુનનાં રોજ સવારે ૯-૦૦ થી ૧૦ દરમ્યાન યોજવામાં આવ્યો હતો.

મહિલા પી.આઈ. શ્રીમતી મીનાક્ષીબહેન પટેલે વિદ્યાર્થીનીઓનાં નિદર્શન જોઈ પ્રસંશા કરતાં કહ્યું હતું કે શિક્ષકોએ અને શાળાની વિદ્યાર્થીનીઓએ સારી મહેનત કરી છે. તેમણે વિદ્યાર્થીનીઓને નિડર બનવા પ્રેરણા આપી હતી. જો કોઈ વ્યક્તિ તેમને હેરાન કરતો હોય તો કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર પોલીસનો સંપર્ક કરવા તેમણે જણાવ્યું હતું. પોલીસ ઘટના બન્યા પછી જ આરોપી સામે કાર્યવાહી કરી શકે છે એટલે દુર્ઘટના ન બને તે માટે છોકરીઓ સ્વયં સજજ બને તેવી ભાવના સાથે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા વાડોકાઈ કરાટેનાં રાષ્ટ્રીય પ્રમુખ અને ગુજરાત સરકારના પૂર્વમંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડીએ કહ્યું હતું કે શારીરિક રીતે ગમે તેટલા સશક્ત હોવ, સ્વબચાવ કરવાનું પણ શીખી લીધું હોય, પરંતુ જો ડરી જશો તો ક્યારેય સામનો કરી શકશો નહીં. તેમણે જીવનમાંથી ડર ભગાડવા ઉપર ભાર મુકતાં કહ્યું હતું કે શારીરિકની સાથે માનસિક સજ્જતા પણ જરૂરી છે અને વાડોકાઈ કરાટે અકેડમી દ્વારા આ બંને બાબતો ઉપર ભાર મુકવામાં આવે છે તે પ્રસંશનીય છે.

## બી.એ. હોમ સાયન્સ વિભાગ દ્વારા નિઃશુલ્ક હસ્તકલાના વર્ગો

ગાંધીનગર, તા. ૨૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજમાં બી.એ. હોમ સાયન્સ વિભાગ દ્વારા તા.૨જી જુલાઇથી હસ્તકલા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવશે. આ તાલીમ વર્ગોમાં હસ્તકલાની જુદી જુદી દસેક વસ્તુઓ શીખવવામાં આવશે. ગાંધીનગરની બહેનો તાલીમ વર્ગમાં જોડાવા માગતી હોય હોય તો પોતાના નામ નોંધાવી શકે છે. વધુ વિગત માટે મો. નં. ૯૪૦૮૮૨૦૬૭૩ નો સંપર્ક કરવો. વર્ગનો સમય ૧૦-૩૦ થી ૧૨ વાગ્યા સુધીનો રહેશે.

## ધોરણ-૯ થી ૧૨ના એસ.સી., એસ.ટી., ઓબીસીના વિદ્યાર્થીઓને મળતા મફત પાઠય પુસ્તકો

### ૯૨૮૬૬૮ લાભાર્થીઓને લાભ મળશે

ગાંધીનગર, તા.૨૮

રાજયની તમામ સરકારી અને બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (નોન ગ્રાન્ટેડ સિવાય)માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ જાતિઓના ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ચાલુ સત્રથી વિના મુલ્યે પાઠયપુસ્તકો અપાઈ રહ્યા છે.

એસ.સી., એસ.ટી. અને ઓબીસીના ધોરણ-૯થી ધોરણ-૧૨ના તમામ વિદ્યાર્થીઓના માતા-પિતા-વાલીની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય ચાલુ વર્ષથી વિના મુલ્યે મફત પાઠયપુસ્તકો મળી રહે તેવો મહત્વનો નીતિ વિષયક નિર્ણય સરકાર દ્વારા કરાયો છે. રાજયના ૯૨૮૬૬૮ જેટલા લાભાર્થી વિદ્યાર્થીઓને શાળામાંથી પાઠય પુસ્તકો અપાશે. આ કારણથી વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરમાં સુધારો થશે તથા આર્થિક રીતે નબળા કુટુંબના બાળકોને શિક્ષણ પરત્વે પ્રેરણા મળી શકશે.

સંયુકત શિક્ષણ નિયામક ઈ.પી. દેસાઈએ ખાસ જણાવ્યું છે કે કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા મફત પાઠપુસ્તકોના વિતરણ અંગે રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરી મારફત શાળાઓને વિતરણ કરવાની સૂચના આપી છે. જેની કાર્યવાહી ચાલુ છે. જે પુસ્તકો શાળાઓના આચાર્યઓનો સંપર્ક કરી તમામ વાલીઓ, વિદ્યાર્થીઓએ મેળવી લેવા એમ અનુરોધ કર્યો છે.

## સે-૩ની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

સરકારી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. મુખ્ય મહેમાનપદે સ્થાયી સમિતિના ચેરમેન આશીષભાઈ દવે, આર.ડી. ડામોર, શહેરના નગરસેવક શંકરભાઈ, રાકેશભાઈ, શ્રીમતી પરાગીબેન, ધારાસભ્ય અશોકભાઈ પટેલ હાજર રહીને બાળકોને પ્રોત્સાહિત કરેલ હતા.

બાળકોએ યોગ વિશે ગાન કરેલ હતું, મહેમાનો મારફતે દફતર, પેન્સિલ, નોટબુકનું વિસ્તરમ કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં આચાર્ય અમિતાબેન પટ્ટણી અને સમગ્ર સ્ટાફ મંજુલાબેન, સરલાબેન, કાન્તાબેન, પ્રફુલ્લાબેન અને પ્રવિણાબેને ભારે મહેનત કરી હતી.

## ગાંધીનગર વૈષ્ણવ રામાનંદીય સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ ૩માં આવેલી સ્વામીનારાયણ હાઈસ્કૂલના



વિદ્યાર્થી કેવલ રજનીકાંત વૈષ્ણવે તાજેતરમાં માર્ચ ૨૦૧૩ની બોર્ડની પરીક્ષામાં ૯૧.૫ ટકા સાથે શાળામાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરી સમસ્ત વૈષ્ણવ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં કેવલ વૈષ્ણવે ૯૧.૫ ટકા પ્રાપ્ત કર્યા છે. અને ૯૯.૭૩ પર્સન્ટાઈલ સાથે એ-વન ગ્રેડ મેળવી સમગ્ર શાળામાં તૃતીય સ્થાને આવ્યો છે. તેની આ સિદ્ધિને ગાંધીનગર વૈષ્ણવ રામાનંદીય સમાજ તેમજ સમસ્ત વૈષ્ણવ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## *WEEKEND CREATIONS...*

**- BHARVI DANI** (HILLWOODS SCHOOL, CLASS-VII)

## ACROSTIC POEM

**Teacher Changes our lives**
**Every Single Day**
**As my role model, he inspires me**
**Cares for students and makes them grow**
**He is always bright**
**Each day with him is fun**
**Really takes care**
**Shines like a star for me**

••••••••••••

**Hi, friends**

**I think that after reading this poem you might have understood the meaning of *acrostic poem*, if not then I will tell you:** ***A poem or series of lines in which certain letters, usually the first in each line, form a name, motto, or message when read in sequence.***

**I am sure that after reading the meaning and the poem you will also write a poem using your own thoughts.**

## INDIA : MY COUNTRY



**India!**
**India!**
**India!**
**Great India!**
**Colourful India!**
**Historically, Geographically, Politically strong India.**
**Prosperous India !**
**Populated India !**
**Unity Is Diverse in India.**
**Tasty food all around,**
**Mixing people move around.**
**Festivals are enjoyed by all,**
**We are the one who keep them on.**
**Star India!**
**Its My Favourite India!**

# ...મોતને આંખ સામે જોઈ હાથતાળી આપી ઘરે પરત ફર્યા

## ચારધામ યાત્રાની વણકથી વાતો

**- વિષ્ણુભાઇ પટેલ (જય અંબે પરિવાર)**

દેવભૂમિમાં આવેલા જળપ્રલયની ઘટના દિવસો સુધી મીડિયામાં છવાયેલી રહી. આ તારાજીની તસ્વીરો અને વિડિયો ફુટેજ જોઇને જ હૃદય બેસી જાય છે અને સંવેદનાઓ વ્યક્તિને અંદરથી હચમચાવી મુકે છે. ઇશ્વરના ધામમાં થયેલી તારાજીની તસ્વીરો અને તે સંદર્ભે છપાતા અખબારી અહેવાલોથી તેની ભયાનકતાનો આપણે થોડોઘણો અંદાજ મેળવી શકીએ છીએ. પરંતુ આ હોનારત અને તારાજીને નજરે જોનાર સાક્ષીઓ મોતને આંખ સામે જોઇ હાથતાળી આપી ઘરે પરત ફર્યા છે. તેમની માનસિક અને શારીરિક યાતનાઓ ભયાવહ છે અને તેમની આપવીતી સંવેદનાઓની ધાર વધુ તેજ બનાવે છે. કેદારનાથમાં થયેલા જળપ્રલય વખતે તે જ સ્થળે હાજર રહેલા અને તારાજીને



નજરે જોનાર ગાંધીનગરના જય અંબે પરિવારના વિપુલભાઇ પટેલે આ હોનારતની આપવીતી તેમના જ શબ્દોમાં આલેખી છે તે "ગાંધીનગર સમાચાર"નાં વાચકો માટે અમે પ્રસ્તુત કરી રહ્યાં છે.

આ વર્ણન કોઇ ઉત્તેજના ઉભી કરવા કે તેની ભયાવહતાના દૃશ્યો રજૂ કરવા માટે નથી પરંતુ આપત્તિ સમયે ધીરજ અને આત્મવિશ્વાસ પૂર્વક કેવી રીતે પડકારો નો સામનો કરી શકાય તેની અનુભૂતિ શબ્દો રૂપે રજૂ કરવાનો એકમાત્ર આશય છે, જે ક્યારેક કોઇને માનસિક બળ અને હિંમત આપી શકશે તેવી અમારી ભાવના છે...

જય અંબે પરિવાર, ગાંધીનગરના ૧૨ કુટુંબના કુલ ૨૭ સભ્યો ચારધામની યાત્રાએ તા. ૦૮-૦૬-૨૦૧૩ના રોજ હરિદ્વાર મેઇલમાં ગાંધીનગરથી નીકળ્યા હતા. તા. ૧૦ના રોજ હરિદ્વારથી ૨૭ સીટની બસ તથા ટ્રાવેલ્સ વાળાના સ્ટાફ અને રસોડાના સામાન માટે બીજી ૧૬ સીટની બસ લઇ અમે કેમ્પ્ટી ફોલ થઇ રાત્રે બરકોટ પહેલાં રોકાયા હતા. ૧૧ તારીખે યમનોત્રી માતાજીના દર્શન સુખરૂપ થયા હતા. ત્યાંની નીચે ઉતરી ઉત્તરકાશીમાં કાશી વિશ્વનાથ ભગવાનના દર્શન કરી ૧૨ તારીખે રાત્રે હીના ગામમાં હોટેલમાં રોકાયા હતા. ૧૩મીની સવારે ૪.૦૦ કલાકે ગંગોત્રી માતાજીનાં દર્શન માટે પ્રયાણ કર્યું. પરંતુ ૫ કિ.મી. ચાલતાં રસ્તામાં મોટા પથ્થરો દૂર કરી ગાડી આગળ લીધી. થોડુંક જ આગળ જતાં લેન્ડ સ્લાઇડીંગથી આખો રસ્તો બ્લોક થઇ ગયેલો જોયો. વાહન આગળ જઇ શકે તેમ ન હતું. ત્યાંથી ગંગોત્રી ૮૧ કિ.મી. દૂર હતું. વાહનને સલામત જગ્યાએ ગોઠવી અમે ત્યાં જ રોકાઇ ગયા. એકબાજુ ઢસી પડતાં ઊંચા ઊંચા પર્વતો હતો, બીજી બાજુ ખીણમાં ખળખળ ભગીરથી નદીનું વહેણ હતું. સવારે ૭ વાગ્યા પછી બંને બાજુથી જેસીબી અને બુલડોઝર આવ્યા અને બપોરે ૨.૦૦ કલાકે રસ્તો ક્લિયર કર્યો અમે ત્યાંથી નીકળી ૧૩ તારીખે સાંજે ૫.૦૦ કલાકે ગંગોત્રીમાં ભગીરથી નદીમાં સ્નાન કરી, પિતૃતર્પણની પૂજા કરવી, ગંગોત્રી માતાજીના દર્શન કર્યા. રાત્રે જ અમે હીના ગામમાં પરત આવી હોટેલમાં રોકાઇ ગયા. ૧૪ તારીખે વહેલી સવારે નીકળી રાત્રે સીતાપુર કે રામપુરમાં રાત્રી રોકાણ કરવાની અમારી ગણતરી હતી પરંતુ વરસાદને કારણે અમે લેઇટ પડ્યા અને રામપુરથી ૮૦ કિ.મી. પહેલા હોટેલમાં રાત્રી રોકાણ કરવું પડ્યું.

૧૫મી તારીખે સવારે ૪.૦૦ કલાકે હોટેલથી નીકળી સવારે ૯.૦૦ કલાકે રામપુર પહોંચ્યા. ત્યાં ચા-નાસ્તો કરી ૧૧.૦૦ કલાકે ગૌરીકુંડ તરફ બસ લઇને ગયા. વચ્ચે ગેઇટ દ્વારા ટ્રાફિક કંટ્રોલ થાય છે. પરંતુ ગેઇટ અને ગૌરીકુંડ વચ્ચેનાં ૬ કિ.મી. અંતરમાં ૩૦ રૂા.માં ફેરા કરતાં પ્રાઇવેટ જીપવાળાઓ ધંધો ચાલે તે માટે જ વારંવાર ગેઇટ બંધ કરીને આમ જનતાને હેરાન કરવામાં આવતી હોય તેમ લાગ્યું. અમે ૧૧.૦૦ કલાકે લાઇનમાં ઊભા રહેલા અને ૬ કિ.મી.નું અંતર કાપતાં બપોરનાં ૩.૦૦ વાગી ગયા.

આખરે ૧૫ તારીખે બપોરે ત્રણ કલાકે અમે ૧૫ સભ્યોએ ચાલતા અને ૧૦ સભ્યોએ ઘોડા પર કેદારનાથનું ૧૪ કિ.મી. અંતર ચઢવાનું ચાલું કર્યું. જેવું અમે ચઢવાનું ચાલું કર્યું કે તરત જ વરસાદ પણ ધીમે ધીમે ચાલુ થઇ ગયો. અમે તળેટીમાંથી જ જલારામ હોટેલમાં ૭ રૂમ બુક કરાવી દીધા હતા. આથી કેદારનાથમાં રાત્રી રોકાણની ચિંતા ન હતી. ઘોડા પર જવા વાળા રાત્રે ૮.૩૦ થી ૯.૦૦ સુધીમાં હોટેલમાં પહોંચી ગયા. રાત્રે ૧૧.૦૦ કલાક પછી વરસાદ અને પવનનું જોર વધ્યું. અમારામાંથી ચાલતા જવા વાળામાંથી એકના પગમાં દુઃખાવો થવા લાગ્યો. અને એકને ઠંડી ચડી ગઇ, આથઈ અમે તે બંનેના હાથ પકડીને ત્રણ બેટરીઓનાં ઝાંખા પ્રકાશમાં ધીમે ધીમે કેદારનાથ તરફ ચઢવાનું ચાલું રાખ્યું. આખરે અમે રાત્રે ૧૨.૦૦ કલાકે કેદારનાથમાં જલારામ હોટેલમાં પહોંચ્યા. મારા પત્ની પારૂલનું શરીર ઠંડીથી લાકડા જેવું થઇ ગયું હતું. ઘોડા પર પહેલેથી આવેલા અમારા મિત્રોએ અમને પલંગમાં સુવડાવી કપડાં બદલાવી, મોં માં ખવડાવીને સહાય કરી. એકાદ કલાક બે-બે રજાઇઓ ઓઢીને સૂઇ રહ્યા બાદ થોડી હૂંફ વળી. અમારી સાથેનાં કૈલાસબેન પટેલે લકવાગ્રસ્ત હોવા છતાં ચાલતાં ચઢવાની હિંમત દાખવી હતી અને તેઓ કેદારનાથથી ૩ કિ.મી. પહેલાં ઝૂંપડીમાં રોકાઇ ગયા હતા અને બીજે દિવસે સવારે ચાલીને કેદારનાથ આવ્યા હતા. ૧૫મી તારીખથી ચાલુ થયેલો વરસાદ સતત ત્રણ દિવસ ચાલુ રહ્યો અને ત્રણ દિવસમાં ૫૦ થી ૬૦ ઇંચ વરસાદ પડ્યો હશે.

૧૬મી તારીખે સવારે ચાલુ વરસાદમાં અમે કેદારનાથ ભગવાનના મંદિરમાં દર્શન કરી આવ્યા. હોટેલ વાળાએ અમને બપોરે પુરી-શાક-ખીંચડી-કઢીનું ભોજન ૧૨૦ રૂા. માં આપીને જમાડ્યા અને વરસાદ ધીમો પડે તો નીચે ઉતરી જવા જણાવ્યું. પરંતુ વરસાદ બંધ થવાનું નામ જ લેતો ન હતો. ૧૬ તારીખે સાંજે અમે બધાં એક રૂમમાં એકત્ર થઇ અંબાજી માતાજીની આરતી - સ્તુતિ કરતા હતા, ત્યારે બહારથી લોકલ માણસોની કીકીયારીઓ અને સીટી મારવાના અવાજો આવી રહ્યા હતા. અમે બહાર તપાસ કરતાં લોકોએ જણાવ્યું કે બાદલ ભટ રહા હૈ બાઢ આયેગા. પરંતુ અમારી હોટેલ સલામત જગ્યાએ હોવાથી અમે તેને ગંભીરતા પૂર્વક ન લીધી અને તે રાત્રે હોટેલમાં શાંતિથી સૂઇ ગયા. રાત્રે ૧.૦૦ વાગે પણ પુર આવ્યું હતું પરંતુ અમને કોઇને તેની જાણ ન હતી.



૧૭મી તારીખે સવારે ૬.૦૦ કલાકે મેં રૂમની બહાર આવીને જોયું તો અમારી હોટેલની બાજુમાંથી મંદિર તરફ જતાં પગથિયાં પર લોકો ઉપર ચઢી રહ્યાં હતા. નીચેની તરફ પગથિયાં નદી તરફ જતાં હતા. કેદારનાથ મંદિરની ડાબી બાજુ આવેલી સરસ્વતી નદી અમારી હોટેલથી ૧૦૦ મીટર દૂર હતી. મંદિરની જમણી બાજુ મંકાદિની નદી છે અને નીચે જતાં બંને નદીઓ ભેગી થઇ ગૌરીકુંડ તરફ જાય છે અને તેની બાજુમાં પગથિયાં અને ઢાળ વાળો કેદારનાથનો રસ્તો છે.

થોડીવારમાં ઉપર ચઢતા લોકોને તેજ રસ્તે નીચે ઉતરતા જોયા અને તેમની પાછળ જોરથી પાણી ધસમસતું જોયું હું તરત જ રૂમ તરફ આવ્યો અને બધાને જલ્દી જલ્દી બૂટ પહેરી ઉપરનાં માળે ચઢી જવા જણાવ્યું. થોડીક જ ક્ષણોમાં અમારી નીચેના માળની રૂમની ગટર લાઇન તૂટી ગઇ અને બાથરૂમમાંથી પાણી રૂમોમાં ભરાઇ ગયું. મંદિરના સામેનાં ભાગમાં બંને બાડુ ૨૫-૩૦ દુકાનોની લાઇન હતી. ડાબી બાજુની દુકાનો પુરી થાય ત્યાં એક ખાંચો હતો, ત્યાંથી નીચે ઉતરીએ તો અમારી હોટેલ આવેલી હતી. અમારા નસીબ જોગે તે ખાંચામાં મોટો પત્થર આવી ગયો અને કાટમાળ ભરાઇ ગયો. જેથી અમારી હોટેલ તરફ આવતું પાણી આગળના ખાંચામાંથી નીકળી અમારી હોટેલથી ૩૦ મીટર દૂર આવેલા સરકારી ગેસ્ટ હાઉસનાં મકાનો વચ્ચેથી નીકળી ગયું. ગઢવાલ મંડલનાં સરકારી ગેસ્ટ હાઉસના રસોડા તથા બીજા મકાનોને કાટમાળમાં ફેરવતા અમે નજરે જોયા. ગઢવાલની હેટલની બાજુમાં જ આવેલી સરસ્વતી નદીમાં મકાન જેવી ભેખડો પડતી જોઇ શકાતી હતી. અમારી હોટેલની બાજુમાં જ એક ભેંસ મરી ગઇ હતી, સામે કાટમાળમાં એક ઘોડો ફસાયેલો હતો, જે બે દિવસ માથા કુટીને મરણને શરણે થયો. મંદિર તરફ શું થયું હશે તેનાથી અમે અજાણ હતા. આગલી રાત્રે પુરને કારણે હોટેલવાળાએ જમવાનું આપ્યું ન હતું. અમારી પાસે જે કંઇ હતું તે બધા વહેંચીને ટુકડો ટુકડો ખાતા હતા. ૧૭ તારીખે સવારે હોટેલ વાળાએ ખીચડી બનાવી પરંતુ તેના માણસો એટલા બધા હતા કે જેથી તે એમને કંઇ આપી શક્યો નહીં. એક બિસ્કીટ વાળો આવતા ૧૦૦ રૂા.માં ૪ પેકેટ લઇ બધાને અડધુ અડધુ બિસ્કીટ આપી ભૂખ છીપાવવાની કોશિશ કરી. ઉત્તરકાશીથી નીકળ્યા પછી ઉત્તરાંચલ પ્રદેશમાં કયાંક લાઇન ન હતી. અમારી હોટેલ વાળા પાસે જનરેટર હોવાથી સાંજે એક-બે કલાક ચાલુ કરતો હતો. કેદારનાથમાંથી બહાર નીકળવાનો લોખંડનો પુલ અને ગટર - પાણીની લાઇનો પહેલાં જ પુરમાં નાશ પામ્યા હતા. અમે ધાબા પરથી પડતા પાણીને બોટલમાં ઝીલી તરસ છીપાવતા હતા. ઘેરથી લાવેલો નાસ્તો ખૂટી જતાં ભૂખ વધતી જતી હતી. સતત વરસાદને અને ઠંડીને લીધે કોઇ રૂમમાંથી બહાર નીકળતા ન હતા.

(ક્રમશ:)